જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૭/૧૧/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૭૩૩/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી ૧૦૬ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૭૩૪/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૭૩૫/૧૪

**નરોડા :** રાજુભાઇ શંકરભાઇ પરમાર (રહે.શીવ એપાર્ટમેન્ટ, નોબલ સ્કુલ પાસે, કૃષ્ણનગર, નરોડા) એ તા.૬/૧૧/૧૪ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૧/૧૪ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી મનીશા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.સડાત ચલાવે છે.

**સાબરમતી :** મુરારજી રામલાલ રસ્તોગી (રહે.શાંતિલાલની ચાલી, કબીરચોક, જવાહરચોક, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર ઉજ્વલ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૭૩૬/૧૪

**નરોડા :** રાકેશભાઇ અંબાલાલ પટેલ (રહે. વીવેક એપાર્ટમેન્ટ, હીરાવાડી, સૈજપુર, નરોડા) એ તા.૬/૧૧/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૧/૧૪ સાંજનાં ૭/૦૦ થી તા.૪/૧૧/૧૪ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા, હીરાવાડી ખાતેની પોતાની હરીઓમ એસ્ટેટ નામની પોતાની કંપનીનાં સિમેન્ટનાં પતરાં ઉંચા કરી, આંકડીયો તોડી, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી કંપનીમાંથી કોપરનાં સળીયા તથા રીંગો મળી કુલ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૭૩૭/૧૪**

**વસ્ત્રાપુર :** મેઘલભાઈ સુબોધભાઈ શાહ (રહે.યોગાશ્રમ સોસાયટી, માણેકબાગની પાછળ, આંબાવાડી) એ તા.૧૬/૧૦/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે બોડકદેવ, અદ્વેત બીલ્ડીંગની બાજુમાં ઈંટીરીયર એક્સ્પોના ગેટ પાસે રોડ ઉપર પોતાની મારૂતી એસ્ટીમ કાર નંબર જીજે.૧.એચ.એચ.૯૧૫૮ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગે મેઘલભાઇ શાહે તા.૬/૧૧/૧૪ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈશ્રી એસ.એફ.ચાવડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૩૮/૧૪**

**રામોલ :** યોગેશભાઇ માનસિંગભાઇ ચૌધરી (અયોધ્યાનગર, ન્યુ મણીનગર, રામોલ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવે છે કે તા.૫/૧૧/૧૪ રાતનાં ૮/૧૫ વાગ્યાના સુમારે સી.ટી.એમ., બરોડા એક્સપ્રેસ હાઇ-વેના બ્રીજ ઉપરથી પોતાના સાળા સરવેશ (ઉ.વ.૩૮) નાઓને પોતાની મોટર સાયકલ ઉપર પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા બોલેરો પીકઅપ ગાડી (જેનો નંબર જાણવા મળેલ નથી) નાં ચાલકે પોતાની બોલેરો ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી યોગેશભાઇનાં મોટર સાયકલને ટક્કર મારતાં સરવેશભાઇને શરીરે ગંભીર ઇજાઓ થઇ હતી. જેઓને સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગામીત ચલાવે છે.

**ત્યજી દિધેલ બાળક મૃત હાલતમાં મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૨૭૩૯/૧૪**

**ખોખરા :** તા.૬/૧૧/૧૪ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ભાઇપુરા પ્રિયા ટોકિઝ પાસે આવેલ ખુલ્લા પ્લોટમાં આવેલ મ્યુની.કોર્પો.ની કચરાપેટીમાંથી ખોખરા પોલીસને પાંચ થી છ માસનું મૃત બાળક ત્યજી દિધેલ હાલતમાં મળી આવતાં આ અંગે ખોખરા પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભીખાભાઇ લખાભાઇ  ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૭૪૦/૧૪**

**ખોખરા :** નિમીષાબહેન અમીતભાઇ સોલંકી (ઉ.વ.૨૯)(રહે.ગુ.હા.બોર્ડ, શના શેઠની ચાલી, ખોખરા) એ બિમારીથી કંટાળી જઇ તા.૬/૧૧/૧૪ સવારનાં ૬/૪૫ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે આવેલ લાકડાનાં મોભ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

**ઓઢવ :** તા.૬/૧૧/૧૪ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ગજાનંદ કોમ્પલેક્ષના ઉપરનાં માળેથી કોઇ અજાણી વ્યક્તિએ નીચે પડી જઇ આત્મહત્યા કરી લીધી હતી. જેને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ રાતનાં ૮/૧૫ વાગે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.નિમાવત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.